**SAMVAD E-JOURNAL**

ISSN (Online) : 2583-8334

**(International Peer-Reviewed Refereed Journal)**

**Volume 4, Issue-2, April to June : 2026**

**Published by Rangmati Publication** http://www.rangmatipublication.com/

# Traditional musical instruments used around Godhra Taluka

# ગોધરા તાલુકાની આસપાસ વપરાતા પરંપરાગત સંગીતનાં વાદ્યો

*Dr. Pritesh S. Rathod*[1]

*Ravisinh S. Vala*[2]

***સારાંશ***

***પ્રસ્તુત શોધલેખમાં પૂર્વીય ગુજરાત વિસ્તારનાં ગોધરા તાલુકાની આસપાસ વપરાતા પરંપરાગત સંગીતનાં વિવિધ વાદ્યોનું અભ્યાસ કરવાનો પ્રયત્ન કરાયો છે. જેમાં વિવિધ ઋતુઓ અને પ્રકૃતિ સાથેનાં સબંધો અનુસાર વાદ્યોની ઉપયોગિતાનો અભ્યાસ, વિવિધ જનજાતિઓ દ્વારા વાદ્યોની ઉપયોગિતાનો અભ્યાસ અને સમયાંતરે વાદ્યો શા માટે લુપ્તતાનાં આરે પહોચી ગયા છે? વગેરે જેવી કેટલીક બાબતોનો અભ્યાસ રજુ કરવામાં આવ્યો છે. જે આપણે પૂર્વી ગુજરાતનાં ગોધરા અને તેની આસપાસનાં વિસ્તારોમાં આવા પરંપરાગત વાદ્યોની સાચવણી કરવાની અને ભાતીગળ વાદ્યોની સંસ્કૃતિને જાળવી રાખવાની પ્રેરણા પ્રદાન કરે છે.***

***મહત્વનાં શબ્દો***

***ગોધરા, જનજાતિ, પ્રકૃતિ, સંગીત, વાદ્યો.***

## ૧. પ્રસ્તાવના અને સંશોધનનો હેતુ

સંગીત એ મનુષ્યનાં હૃદય આંતરિક ભાવોને પ્રગટ કરવાનું એક અત્યંત સહજ માધ્યમ છે. માનવ જીવન અને સંસ્કૃતિના વિકાસમાં સંગીત અને વાદ્યો હંમેશાં સાથે ચાલ્યા છે અને તે સંગીતને ઉત્પન્ન કરવાનું કાર્ય વિવિધ વાદ્યો કરતા હોય છે. જે મનુષ્યનાં મગજમાં ચાલી રહેલી ધૂનને લે બદ્ધ રીતે રજૂ કરવાનું કાર્ય કરે છે. આપણું ગુજરાત પેઢી દર પેઢી ઉતરી આવેલી મૌખિક પરંપરાઓ, લોકગીતો અને ધાર્મિક ઉત્સવોના રંગે રંગાયેલું છે. આ જ સાંસ્કૃતિક વૈવિધ્યનો એક અનોખો નજારો આપણને પૂર્વી ગુજરાતમાં આવેલા ગોધરા તાલુકા અને તેની આસપાસના પંચમહાલ જિલ્લામાં પણ જોવા મળે છે.

ભૌગોલિક, ઐતિહાસિક અને નૃવંશશાસ્ત્રીય દૃષ્ટિએ આ પ્રદેશ ખૂબ જ રસપ્રદ રહ્યો છે. અહીંની પથરાળ અને ગ્રેનાઈટ ખડકોથી બનેલી છીછરી જમીન તેમજ ગાઢ વન્ય વિસ્તારોમાં સદીઓથી ભીલ, રાઠવા, નાયકા, તડવી, પાવરા અને પટેલિયા જેવા વિવિધ જનજાતિ સમુદાયો પોતાની આગવી સંસ્કૃતિ સાથે વસવાટ કરી રહ્યા છે. આ સમુદાયોનો પ્રકૃતિ, જંગલ અને વન્યજીવન સાથે એક હંમેશા એક અતૂટ અને આધ્યાત્મિક સંબંધ રહ્યો છે. તેમનો આ જ સંબંધ તેમના કલાત્મક મેળાઓ અને ધાર્મિક પર્વોમાં વપરાતા પરંપરાગત વાદ્યોમાં છલકાતો જોવા મળે છે. આ લોકવાદ્યો ફક્ત મનોરંજનનું સાધન નથી, પણ અહીંની પ્રજાની સામાજિક ઓળખ, પર્યાવરણ સાથે તાલમેલની સમજ અને અતૂટ શ્રદ્ધાનું પ્રતીક છે. વિવિધ સંશોધનો દ્વારા માહિતી પ્રાપ્ત થાય છે કે તેમની સામાજિક-ધાર્મિક વિધિઓ અને કૃષિનાં ઋતુ ચક્ર સાથે આ વાદ્યોનું એક અનોખું જોડાણ જોવા મળે છે. પરંતુ આજના બદલાતા સમયમાં ડી.જે. અને આધુનિક ઇલેક્ટ્રોનિક ઉપકરણોની સુવિધાનાં કારણે આ પરંપરાગત વાદ્યો લુપ્ત થવાની અણી પર આવી ગયા છે. ઉપરાંત નવી પેઢીનાં શહેરીકરણનાં કારણે આ કલાત્મક વિરાસત જોખમમાં મુકાઈ રહી છે. અગાઉના



*Dr. Pritesh S. Rathod*[11] *,Assistant Professor/Gujarat Education Service Class-2 (History), C.H. Bhil Arts and Commerce College, Nasvadi, Chotaudepur.*

*Ravisinh S. Vala*[2] *, Ph.D. Researcher at Shree Govind Guru University, Godhra.*

અભ્યાસોમાં આવા વાદ્યોની બનાવટ અને મોસમી નિયમો પર ઘણું મર્યાદિત કામ થયું હોવાથી, આ અવકાશને પુરી અને પૂર્વી ગુજરાતની આ અસ્મિતા બાબતે લોકોને જાગૃત કરવાનો આ સંશોધનનો હેતુ છે. જેમાં વાદ્યોનું પદ્ધતિસરનું મૂલ્યાંકન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**૨. સાહિત્ય સમીક્ષા**

પ્રસ્તુત શોધલેખ માટે વિવિધ સંદર્ભ ગ્રંથોની સાથે, ગૂગલ સ્કોલર અને એકેડેમિયા જેવી વેબસાઈટ દ્વારા પાપ્ત થતા પ્રામાણિક શોધ લેખોનો અભ્યાસ કરાયો છે. જેના થકી જાણવા મળ્યું કે પશ્ચિમ ગુજરાતનાં ગોધરાની આસપાસનાં વિસ્તારોમાં સંગીતનાં પરંપરાગત વાદ્યો લુપ્ત થવાની કગાર ઉપર આવી પહોચ્યા છે. માટે આવા વાદ્યોને સમજવામાં મદદ મળી શકે અને તેનું સંરક્ષણ કરવામાં સહાયતા મળી શકે, તેવા સાહિત્યોની સમીક્ષા દ્વારા આ શોધલેખનું નિર્માણ કરેલ છે.

**૩. સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત શોધલેખમાં ઐતિહાસિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરાયો છે. જેમાં વાદ્યોનાં વિવિધ પુરાતાત્વિક અવશેષોનું અધ્યયન થયેલા શોધપત્રોનો ઉપયોગ થયેલો છે, જે ઐતિહાસિક પદ્ધતિ મુજબ પ્રાથમિક પ્રકારનાં અવશેષો કહી શકાય. ઉપરાંત અન્ય દ્વિતીય કક્ષાનાં લેખિત શોધલેખો અને સાહિત્યનો પણ પૂરતી માત્રામાં ઉપયોગ કરાયો છે.

સાથે જનજાતિ સંસ્કૃતિનાં સાપ્તાહિક મેળાઓ, જેને સ્થાનિક લોકો 'હાટ' કહે છે. ત્યાં રૂબરૂ જઈને કલાકારો અને વાદકો સાથે વાતચીત કરવામાં આવી હોય, તેનાં અહેવાલોનો પણ ઉપયોગ કરાયો છે. જેમાં ઘોઘંબાનો રવિવારી મેળો, કવાંટ અને તેજગઢના સોમવારી મેળા તેમજ જાંબુઘોડાના બુધવારી મેળાનો સમાવેશ થાય છે.

ઉપરાંત જનજાતિ લોકવિદ્યાના અગ્રણી રેવાબેન તડવી અને શંકરભાઈ તડવીનું યોગદાન દીવાદાંડી સમાન રહ્યું છે. આ સંશોધક દંપતીએ વડોદરા અને પંચમહાલ સરહદના ભદ્રાલી, ગડા, કોઠિયા, પોચંબા અને સીમેલ જેવા અતિ અંતરિયાળ ગામોમાં જઈને, સમુદાયો સાથે રાતવાસો કરીને લોકગીતો અને વાદ્યોની અમૂલ્ય મૌખિક માહિતી એકઠી કરી હતી. તેમની આ પ્રણાલી ઇતિહાસને સમજવા માટે સર્વોચ્ચ કક્ષાની મૂળભૂત સામગ્રી પૂરી પાડે છે. આ ઉપરાંત, ઇન્દ્રશંકર રાવળનું પુસ્તક 'ગુજરાતનાં લોકવાદ્યો', શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના સંશોધન પત્રો અને કાકણપુર કોલેજનાં સંશોધન પત્રો જેવા દ્વિતીયક સ્ત્રોતોમાંથી પણ આ વાદ્યોના ભૌતિક કદ અને સામાજિક મૂલ્યોને વ્યવસ્થિત રીતે સમજવામાં મદદ મળી છે. આવી વૈજ્ઞાનિક વિશ્લેષણ પદ્ધતિ દ્વારા સાંસ્કૃતિક માહિતી એકત્ર કરવાની પદ્ધતિને 'હોમટોફ ટેમિસ્લાવ હેંગલ' અને 'માઈકલ ગોલ્ડ' દ્વારા સ્થાપિત કરવામાં આવી હતી. જેને 'હેંગલ પદ્ધતિ' કહેવામાં આવે છે. આમ, પ્રાપ્ત થતી માહિતી માંથી ઐતિહાસિક પદ્ધતિઓનાં માપદંડો અને નિયમોને કેન્દ્રમાં રાખી લેખન કાર્ય કરવા પ્રયત્ન કર્યો છે. જેનો હેતુ શોધલેખની વિશ્વસનીયતા અને સત્યતાને જાળવી રાખવાનો છે.

**૪. ગોધરા અને તેની આસપાસનાં ભૌગોલિક ક્ષેત્ર અને તેનો પ્રભાવ**

ગોધરા અને તેની આસપાસનો પ્રદેશ પર્વતીય ટેકરીઓ અને વનોથી ઘેરાયેલો છે, જે નજીકનાં રાજ્ય મધ્યપ્રદેશનો પણ એક ભાગ છે. પરિણામે અહીંની પરંપરાઓ પર પડોશી રાજ્યો અને સરહદી વિસ્તારોની સંસ્કૃતિની સીધી છાપ જોવા મળે છે. ઉદાહરણ તરીકે, પંચમહાલની પૂર્વ સીમા પર વસતા રાઠવા આદિવાસીઓની ધાર્મિક પદ્ધતિઓ પર મધ્યપ્રદેશની આદિજાતિઓનો પ્રભાવ સ્પષ્ટ વર્તાય છે.

**૫. વાદ્યોનું વર્ગીકરણ**

કોઈ પણ મોટી વૈજ્ઞાનિક પ્રયોગશાળામાં ગયા વિના પણ ગોધરા અને તેની આસપાસનાં જનજાતિ વિસ્તારનાં સંગીતકારો પાસે ધ્વનિશાસ્ત્રની અદભુત આંતરિક સૂઝ છે. તેઓ ભારતીય સંગીતશાસ્ત્રની જેમ વાદ્યોને તેમની ધ્વનિ ઉત્પન્ન કરવાની પ્રક્રિયાના આધારે ચાર મુખ્ય ભાગોમાં વહેંચે છે; ૧. તંતુ વાદ્યો, ૨. અવનાદ્ય વાદ્યો, ૩. ઘન વાદ્યો અને ૪. સુષિર વાદ્યો. જે નક્કી થી તેમની આગવી વિશેષતા કહી શકાય.

**૫.૧ તંતુ વાદ્યો (Chordophones)**

તારના કંપન દ્વારા સૂર ઉત્પન્ન કરતા સાધનોને તંતુવાદ્ય કહેવાય છે. આ વિસ્તારમાં તંબૂરો, એકતારો, કીંગરી, જીબી અને રાવણહથ્થો વગેરે જેવા સદીઓથી પ્રસિદ્ધ તંતુવાદ્યો ઉપયોગમાં લેવાતા રહ્યા છે. તબૂરો સિતાર જેવું વાદ્ય હોય છે. એકતારો એ પણ સિતાર જેવું, પરંતુ ફક્ત એક

તારનાં આધારે ધ્વનિ ઉત્પન્ન કરતું વાદ્ય છે. કીંગરી વાંસમાંથી બનતું એક અત્યંત અનોખું વાદ્ય છે. દુનિયાભરના જનજાતીય સમુદાયોમાં આ જ પ્રકારની બનાવટ જોવા મળે છે. સ્થાનિક સ્તરે તેને ઘોડલિયું, ગોરાલિયું કે ખાંગલો પણ કહે છે. જીબી એ વાંસની એકદમ પાતળી સળી માંથી બને છે, જેને કલાકારો જીભ પર દબાવીને દોરી ખેંચીને રણકાવે છે. જ્યારે રાવણહથ્થો બે તાર ધરાવતું પરંપરાગત વાદ્ય છે. જેમાં મંદ્ર, મધ્ય અને તાર સપ્તકના સ્વરો બહુ સહજતાથી વગાડી શકાય છે.

**૫.૨. અવનાદ્ય વાદ્યો (Membranophones)**

ચામડું મઢીને બનાવવામાં આવતા વાદ્યોને અવનાદ્ય કહેવામાં આવે છે. પંચમહાલના જંગલોમાં ડાંક, માદળ, તૂર અને કુંડી નાના મોટા લગભગ દરેક પ્રસંગમાં વપરાતા અવનાદ્ય છે. ડાંક કે ડાકલું એ સાગ કે સેવનના પોલા લાકડામાંથી બને છે, જેના બંને મુખ કાળી ચામડીના પડથી મઢેલા હોય છે. કોઈના ઘરમાં બીમારી કે નકારાત્મક ઉર્જા હોય ત્યારે ભૂવાઓ કે ભગતો ગણેશ, શારદા, દેવ હાદરજો, ડામરા ભીલ, મનાતો કુંવોર અને બાલીસરના પવિત્ર કથાગીતો (ગાયણું) ગાય છે અને ઘૂંટણ વડે ડાંકને દબાવીને વગાડે છે. માદળ એ માટી કે લાકડાના નળાકાર કોઠા પર ચામડું મઢીને બને છે. જેની ખાસિયત એ છે કે માદળનાં મુખની તણાવ શક્તિને સંતુલિત કરવા માટે તેના પર રાખ અને રાંધેલી કોદરીનો લેપ લગાડાય છે, જેને સ્થાનિક ભાષામાં 'ધોધ' કહે છે. આ તકનીક શાસ્ત્રીય સંગીતના તબલા કે મૃદંગમ પર અપાતી શ્યાહી જેવો જ વૈજ્ઞાનિક સિદ્ધાંત ધરાવે છે. લગ્નના માહોલમાં આદિવાસીઓ તેને કમરે બાંધીને મધ્ય લયમાં 'ધોબીંગ' કે 'ઠીસરા' જેવા વિશિષ્ટ ચાળા શૈલી વગાડે છે. તૂર એ લંબગોળ નળાકાર માટીના કોઠા પર ઊંટનું ચામડું મઢીને બનાવાતું વાદ્ય છે, જે સામાજિક નૃત્યો વખતે તાલ આપવા માટે કાંસાની થાળી સાથે વગાડવામાં આવે છે. કુંડ કે કુંડી એ એક માટીનું નાનું તાલવાદ્ય છે, જેનો ઉપયોગ પહેલા માહિતી કે સંદેશાના પ્રસારણ માટે પણ થતો હતો. પરંતુ હવે અન્ય વધ્યો સાથે સાથ પૂર્વ માટે કરવામાં આવે છે.

**૫.૩ ઘન વાદ્યો (Idiophones)**

જે વાદ્યો ધાતુ કે લાકડાના પરસ્પર સંઘર્ષ કે અથડાવાથી સુંદર રણકાર પેદા કરે તેને ઘનવાદ્ય કહે છે. કરતાલ, ઘૂઘરા અને કાંસાની થાળી આ પંથકમાં ખૂબ જાણીતા ઘન વાદ્યો છે. કાંસાની થાળી એ જનજાતિનૃત્યમાં ખૂબ મહત્વની છે, કદાચ એટલે જ કહેવત પડી હશે કે 'થાળી વનો ચાળો ની' (ચાળો એક નૃત્ય છે, જેના અભિનય દરમિયાન થાળી વગાડવામાં આવે છે). સામાન્ય જમવાની કાંસાની થાળીની બરાબર વચ્ચે કાળો પ્રવાહી મીણનો ગઠ્ઠો લગાવવામાં આવે છે, જેનાથી થાળીની કુદરતી કંપન આવર્તન બદલાઈ જાય છે. પછી તેના પર રાખ લગાડેલી ઘાસની ઊભી સળી મૂકીને, બંને હાથની ભીની આંગળીઓ સળી પર લયબદ્ધ રીતે ઘસવામાં આવે છે, જેનાથી એક અદ્‌ભુત કંપન વાળો સૂર ઉત્પન્ન થાય છે. કરતાલ એ પિત્તળની નાની ચક્તીઓ ધરાવતું લાકડાનું વાદ્ય હોય છે.

**૫.૪ સુષિર વાદ્યો (Aerophones)**

હવાના દબાણ અથવા ફૂંક દ્વારા વાગતા વાદ્યોને સુષિર વાદ્યો કહેવામાં આવે છે. તાડપું અથવા પાવરી એ સૂકી કડવી દૂધીની કોઠી, વાંસની બે પોલી ભૂંગળીઓ અને તાડના પાનની દોઢ ફૂટ લાંબી પટ્ટીના ભુંગળાથી બનેલું એક અદભૂત વાદ્ય છે. દિવાળી પછી ડુંગરદેવની પૂજા અને માવલી માતાનાં મેળામાં સમૂહ નૃત્ય વખતે આ વાદ્યનો ઉપયોગ કરવામાં આવે કરે છે. ડોબરું એ પાવરી જેવું જ પણ કદમાં નાનું, કાચની મોતીમાળા અને મોરપીંછથી શણગારેલું એક વાદ્ય છે. જે માત્ર દેવપૂજનના પ્રસંગોમાં જ વગાડાય છે. સુગટો એ હોળી અને ઇંદ-પીઠોરા દેવની માનતા વખતે વગાડાતો ૯૦ સેમી લાંબો પોલો જાડો વાંસ છે. પીહવી/ પીહવો એ વાંસના નાના-નાના પતરામાંથી બનેલું એક વાદ્ય છે. નરહિલો/ ટોટો/ શરણાઈ એ લગ્નમાં ગણેશ સ્થાપના અને મંગળને તેલ ચઢાવતી વખતે વગાડાતી બે ફૂટ લાંબુ વાંસનું વાદ્ય છે. ભેરી એ બે તુંબડા અને મોરપીંછથી સુશોભિત તૈયાર કરવામાં આવતું એક રાઠવા અને નાયક જાતિનું પરંપરાગત વાદ્ય છે.

## ૬. વાદ્યો અને પર્યાવરણ વચ્ચેનું સંતુલન

જનજાતિ સંસ્કૃતિની સૌથી સુંદર બાબત એ છે કે તેઓ પ્રકૃતિના નિયમોનું અદભુત સન્માન કરે છે. કઈ ઋતુમાં કયું વાદ્ય વગાડવું અને ક્યારે ન વગાડવું, તેની વર્ષો જૂની અને કડક નિયમમો આજે પણ જનજાતિ લોકો દ્વારા પળાય છે. આ નિયમો પાછળ એક ગાઢ વૈજ્ઞાનિક અને પર્યાવરણીય કારણ છુપાયેલું છે, જેથી કુદરતી વાંસ અને ઘાસનું વધુ પડતું શોષણ અટકી શકે અને પ્રકૃતિનું સંતુલન જળવાય રહે. આમ, પ્રત્યેક વાદ્ય પાછળ પ્રાદેશિક પર્યાવરણીય અનુકૂલન સ્પષ્ટ પણે દેખાય છે. અક્ષય તૃતીયા (આખાત્રીજ) થી લઈને ચોમાસાના પ્રારંભ સુધી યુવાનો અને વૃદ્ધો 'ઘાંગરી' નામનું તંતુવાદ્ય વગાડે છે અને પરંપરાગત ગીતો સાથે "રોરા" રમે છે. આ પ્રક્રિયા પ્રકૃતિ સાથે સંવાદ સ્થાપવા અને વન્ય જીવનના મંગલ પ્રાર્થના

કરવા માટે હોય છે. ત્યારબાદ જેવું ચોમાસું બેસે અને ધરતી લીલીછમ બને એટલે નવી વાવણી વખતે ધરતી માતાના પૂજન માટે 'પીહવી' નો સૂર રણકે છે. ત્યારબાદ પાક જ્યારે ખેતરોમાં લહેરાવા લાગે ત્યારે 'દિવાસા' પર્વ પર પુરુષો મોટો 'પીહવો' વગાડે છે અને મહિલાઓ પરંપરાગત નૃત્ય કરે છે. ત્યારબાદ દશેરાનો દિવસ આવતા જ 'પીહવી' અને 'પીહવો' વગાડવા પર સખત પ્રતિબંધ આવી જાય છે. ત્યાર પછીથી લઈને છેક આવતી આખાતીજ સુધી મેળાઓ, લગ્નો કે સામાજિક ઉત્સવોમાં માત્ર 'દેશી વાંસળી' અને 'ઢોલ' વગાડવાની જ છૂટ હોય છે.

**૭. ઉત્સવો, મેળાઓ અને સામાજિક જીવનમાં વાદ્યોની ગૂંથણી**

આ પ્રદેશની કોઈ પણ સામાજિક કે ધાર્મિક ઉજવણી પરંપરાગત વાદ્યસંગીત વિના એકદમ અધૂરી લાગે છે. માટે વિવિધ પ્રસંગો જેવા કે મેળાઓ, હોળી, દેવપૂજન અને શૌર્ય નૃત્યોમાં વિવિધ વાદ્યોના ધબકારાથી લોક જીવન જીવંત બને છે.

**૭.૧ હોળી અને કવાંટનાં મેળામાં (રાઠવા ની ઘેર) વાદ્યો**

હોળી પછી યોજાતા પ્રખ્યાત કવાંટના મેળાઓમાં જ્યારે રાઠવા સમુદાય **'રાઠવા ની ઘેર'** નૃત્ય રજૂ કરે છે, ત્યારે મેળો આખો ધબકી ઉઠે છે. પુરુષો પોતાના શરીર પર રાખ અને ચોખાના લોટથી વાઘ જેવા ચિતરામણ કરે છે અને માથે મોરપીંછ વાળી શંકુ આકારની ટોપી પહેરે છે. તેમની કમર પર કાંકરી ભરેલા તુંબડા અને પિત્તળના ઘૂઘરા બાંધેલા હોય છે, જે નૃત્ય કરતી વખતે કૂદકો મારતાં જ જાતે જ શક્તિશાળી તાલ પેદા કરે છે. આ નૃત્ય સંપૂર્ણપણે ઢોલ, દેશી શરણાઈ, થાળી, પીહો અને કુંડા જેવા અજોડ દેશી વાદ્યોના તાલે રમાય છે.

**૭.૨ પંચમહાલનાં ગોળ-ગધેડાનાં મેળામાં વાદ્યો**

લગ્ન અને સાથીદારની પસંદગી માટે સાંસ્કૃતિક મંચ પૂરું પાડતા પંચમહાલના આ મેળાની મધ્યમાં વાંસના થાંભલા પર ગોળ અને નાળિયેરની પોટલી બાંધવામાં આવે છે. તેની આસપાસ યુવતીઓ ઢોલ, થાળી અને ઘૂઘરાના તાલે પરંપરાગત ભીલી નૃત્ય કરે છે અને પોટલી લેવા જતા યુવકોને આંતરીને લાકડીઓથી પ્રહાર કરે છે, જે સમગ્ર વાતાવરણને ઉત્સાહથી ભરનારું હોય છે.

**૭.૩. ભીલ યોદ્ધાઓનાં તલવાર નૃત્યમાં વાદ્યો**

લગ્ન કે શૌર્ય ઉત્સવોમાં ભીલ સમુદાય દ્વારા હાથમાં ચમકતી તલવારો લઈને યુદ્ધકળાની સાત ભિન્ન શૈલીઓમાં (ચાળા) 'તલવાર નૃત્ય' કરવામાં આવે છે. આ સાહસિક પ્રવૃત્તિ દરમિયાન તાલબદ્ધ સંગીત આપવા માટે ઢોલ, માદળ, કાંસાની થાળી, ઝાંઝ, નગારા અને પરંપરાગત વાંસળીઓનો ઉપયોગ થાય છે, જે એક રોમાંચક અને યુદ્ધભૂમિ જેવુ વાતાવરણ ઊભું કરે છે.

**૭.૪. પીઠોરા ચિત્રકળા અને ઇન્દ્રપૂજામાં વાદ્યો**

રાઠવા આદિવાસીઓના સર્વોચ્ચ દેવ 'પીઠોરા'ના માનમાં જ્યારે ઘરમાં સુખ-શાંતિ માટે ભીંતચિત્ર વિધિ થાય છે, ત્યારે તેની શરૂઆત ગણેશની પૂજાથી થાય છે. આ પ્રસંગે બડવાઓ મંત્રોચ્ચાર કરે છે અને સંગીતકારો દેશી શરણાઈ, ઢોલ, પીહો અને કરતાલ વગાડીને આખી રાત નૃત્ય કરે છે. આ ચિત્રોમાં પણ માણસોને શરણાઈ અને ઢોલ વગાડતા દર્શાવીને સંગીતના પવિત્ર સ્થાનને રેખાંકિત કરવામાં આવે છે. તે જ રીતે, દર પાંચ વર્ષે ગામના પાદરે વરસાદના દેવ ઇન્દ્રની થતી પૂજા વખતે શોભાયાત્રામાં સતત ઢોલ અને પીહો વગાડીને દૈવીય વાતાવરણ ઊભું કરવામાં આવે છે.

**૭.૫ લગ્નપ્રસંગ અને તડવી જાતિનાં ઘેરિયા નૃત્યમાં વાદ્યો**

લગ્ન પ્રસંગે તેલ ચડાવવાની અને ગણેશ સ્થાપનાની વિધિઓ શરણાઈના સૂર અને ઢોલ-નગારા સાથે પૂરી થાય છે. બીજી તરફ હોળીના બીજા દિવસે તડવી સમુદાયના યુવાનો શરીરે રાખ અથવા ચૂનાના ટપકાં કરીને 'ઘેરિયા' બને છે અને માથે લીમડાના પાનનો ટોપો પહેરીને તૂર અને કાંસાની થાળીના અવાજ સાથે આખી રાત 'ઘેરિયા નૃત્ય' રજૂ કરે છે.

**૭.૬ ગામ કોટવાળની સંચાર પદ્ધતિમાં વાદ્યો**

જનજાતિ ગામડાઓમાં આજે પણ કોઈ સામાજિક કે વહીવટી માહિતી આપવા માટે કોટવાળ ગામના ચોકમાં કૂંડુંવગાડે છે. આ પ્રક્રિયાને સ્થાનિક બોલીમાં 'કોટવાળ ગાંગર્યો' કહેવામાં આવે છે, જે તેમની પ્રાચીન સંચાર પદ્ધતિ દર્શાવે છે.

**૭.૭ ભક્તિ અને સંસ્કારોમાં વાદ્યો**

ગોધરા, કાલોલ, હાલોલ, એરાલ, માલવ, વેજલપુર, અસરોડિયા અને ડાકોર જેવા વિસ્તારોમાં પરંપરાગત ભક્તિ સંગીત અને સ્વામિનારાયણ સત્સંગ મંડળો ફેલાયેલા જોવા મળે છે. ગોધરાના જનજાતિ મંડળો પૂજ્ય સંતોનાં સ્વાગત સમયે કાંશી, મંજીરા, પેટી (હાર્મોનિયમ) અને નાની ઢોલક (નાના ગુંજારવા) સાથે તાલબદ્ધ કીર્તન અને પરંપરાગત ટીમલી નૃત્ય કરવાની પરંપરા છે. મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી જેવા સ્વામિનારાયણ સંતોનાં ભજનો આજે પણ તબલા અને હાર્મોનિયમ સાથે ગાવામાં આવે છે.

### ૮. વાદ્યો વગાડનારી જનજાતિઓ

નૃવંશશાસ્ત્રીય દૃષ્ટિએ એક મોટો વિરોધાભાસ એ જોવા મળ્યો છે કે બહારના બિન-જનજાતિ સંશોધકોએ પ્રાદેશિક કાર્યના આધારે આદિવાસીઓને 'ઢોલી ભીલ' કે 'રાવળ ભીલ' જેવી ભિન્ન જ્ઞાતિઓમાં વહેંચી દીધા છે. પરંતુ વાસ્તવિકતામાં પંચમહાલના ભીલોમાં ૪૨ જેટલી અટકો (ગોત્રો) છે. અહીં ઢોલી (ઢોલ વગાડનાર) કે રાવળ (પૂજારી) એ માત્ર પરંપરાગત વ્યવસાય આધારિત કાર્યકારી ઓળખ છે, કોઈ અલગ પેટાજાતિ નથી. પંચમહાલના ભીલ સમુદાયમાં સામાજિક અને ધાર્મિક ઉત્સવોનું સંચાલન મુખ્યત્વે ત્રણ વર્ગો (ભગત, રાવળ અને ઢોલી) દ્વારા કરવામાં આવે છે.

### ૯. આધુનિક પડકારો, બજાર અને લુપ્ત થતો વારસો

આજે ગોધરા અને તેની આસપાસનાં વિસ્તારોમાં આ આખી કલાત્મક પરંપરા એક કપરા સમયમાંથી પસાર થઈ રહી છે. વધતા જતા વન કાયદાઓ, વનવિનાશ અને પ્લાસ્ટિકના સસ્તા વિકલ્પોને કારણે કારીગરોને વાંસ કે સૂકી કડવી દૂધી જેવી કુદરતી સામગ્રી મેળવવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. પરિણામે કવાંટ પંથકના વનતડા ગામના તાનસિંગભાઈ રાઠવા જેવા જૂજ કારીગરો જ આજે વાંસની પરંપરાગત ઘાંગરી વાંસળી બનાવવાનો અતિ મુશ્કેલ વ્યવસાય માંડ-માંડ જાળવી રહ્યા છે. બીજી તરફ આર્થિક ભીસને કારણે નવી પેઢીના યુવાનો વિવિધ શહેરી વિસ્તારોમાં આવેલા કારખાનાઓમાં મજૂરી કરવા તરફ વળી રહ્યા છે, જેથી મેળાઓમાં વાદ્યો વગાડનારા કલાકારો અને દર્શકોની સંખ્યા સતત ઘટી રહી છે. ઉપરાંત નાના મોટા પ્રસંગે દેખા દેખીમાં લોકો ડી.જે. જેવા આધુનિક સાધનો તરફ વળી રહ્યા છે. આમ પરંપરાગત સંગીતનાં વાદ્યો બનાવનારા અને ઉપયોગ કરનારા બંને ઓછા થઈ રહ્યા છે.

### ૧૦. નિષ્કર્ષ

આ અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કે ગોધરા અને તેની આસપાસનાં વિસ્તારોનાં સંગીત સાધનો માત્ર મનોરંજનના માધ્યમો નથી, પરંતુ જનજાતિઓની અસ્મિતા માટે મહત્વનાં છે. આ સમૃદ્ધ પરંપરાને ભવિષ્યની પેઢીઓ માટે સરંક્ષિત કરવા માટે
જનજાતિસંગ્રહાલયની સ્થાપના કરવી (જેથી વાદ્યોને ભવિષ્યની પેઢી માટે સાચવી શકાય), શૈક્ષણિક સંસ્થોઓમાં વેલ્યુ એડેડ કોર્સમાં વિવિધ વાદ્યોનાં અભ્યાસક્રમને ઉમેરવામાં આવે અને પ્રાયોગિક રીતે પણ વાદ્યો બનાવવાની અને વગાડવાની તાલીમ પુરી પાડવામાં આવે, અંતરિયાળ વિસ્તારોમાં વિવિધ વાદ્યોનાં કારીગરોને સરકાર દ્વારા આર્થિક સહાય અને સબસિડીઓ દ્વારા વાદ્યો બનાવવાનાં કાર્ય માટે પ્રોત્સાહન આપવામાં આવે, વાદ્યોનાં પ્રદર્શકો માટે મોટું રંગમચં ઉપલબ્ધ કરાવવામાં આવે અને ભજન મંડળીઓમાં જનજાતિય કલાકારોને તેમના પરંપરાગત વાદ્યો વગાડવામાં પ્રોત્સાહન આપવામાં આવે વગેરે. આમ કેટલાક નક્કર અને પદ્ધતિસરના પગલાં દ્વારા લુપ્ત થતી આ સંગીત અને વાદ્યની જનજાતીય પરંપરાને આપણે થોડે ઘણે અંશે જીવંત રાખી શકીએ તેમ છે.

### સંદર્ભ સૂચિ:

### ૧. સંદર્ભ પુસ્તકો, સંશોધન પત્રો અને શૈક્ષણિક અહેવાલો :

1. ચૌહાણ દલપત, તળની બોલી, અમદાવાદ: ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૨૦૦૯
2. જાધવ જોરાવરસિંહ, ગુજરાતની લોકસાંસ્કૃતિક વિરાસત, અમદાવાદ: સરકારી ફોટો લીથો પ્રેસ, ૨૦૧૦
3. જાધવ જોરાવરસિંહ, ગુજરાતનો લોકકલા વૈભવ, અમદાવાદ: સરકારી ફોટો લીથો પ્રેસ, ૨૦૨૦

4. તડવી રેવાબેન શંકરભાઈ, મધ્ય ગુજરાતના જનજાતિ સાહિત્ય ક્ષેત્રે તડવી દંપતિનું યોગદાન, RAIJMR જર્નલ.
5. દેસાઈ ઠાકરભાઈ મ., ગુજરાત એક પરિચય, અમદાવાદઃ (૧૯૧૧).
6. પટેલ ભગવાનદાસ, આદિવાસી સાંસ્કૃતિક વારસો, અમદાવાદઃ સરકારી ફોટો લીથો પ્રેસ, ૨૦૨૧
7. પટેલ વી. પી., ગુજરાત રાજ્ય સર્વસંગ્રહઃ પંચમહાલ જિલ્લો, અમદાવાદઃ ભગવતી ઓફસેટ, ૨૦૧૭
8. સેદાણી હસુતાબેન શશિકાંત, ગુજરાતની લોક સંસ્કૃતિ, અમદાવાદઃ ગુજરાત ગ્રંથ નિર્માણ બોર્ડ, ૨૦૧૫
9. Dhol: Representation of Linguistic Identity of Tribes, Academia.edu.
10. Socio-cultural ethos as reflected in the tribal songs and tales of rathwa community of vadodara dist. in gujarat.
11. Tribal Musical Instruments as Intangible Cultural Heritage of South Gujarat, IJRAR Journal.

## ૨. સંદર્ભ વેબસાઇટ્સ :

1. કવાંટ મેળો અને રાઠવા સંસ્કૃતિ અધિકૃત વેબ પેજ, ગુજરાત ટૂરિઝમ, https://gujarattourism.com/
2. "ઘા, વા ને ઘસરકાથી વાગતાં વનવાસીઓનાં વિશિષ્ટ લોકવાદ્યો", Share in India, https://shareinindia.in/
3. "ચિંતન મુખપત્ર - સંપ્રદાયનો સર્વાંગી વિકાસ", શ્રી સ્વામિનારાયણ મંદિર સરધાર, https://www.swaminarayanvadtalgadi.org/
4. "જનજાતિસમાજ" વિષયક સાંસ્કૃતિક લેખ, ગુજરાતી વિશ્વકોશ, https://gujarativishwakosh.org/
5. "જનજાતિઅને નૃવંશવિષયક સંગ્રહાલય" નોંધ, ગુજરાતી વિશ્વકોશ, https://gujarativishwakosh.org/
6. જાંબુઘોડા પંથકની ભૌગોલિક સ્થિતિ, ગુજરાત મેપ, https://gujaratmap.com/
7. "ભાતીગળ સંસ્કૃતિ ધરાવતા પંચમહાલના આદિવાસીઓ", Share in India, https://shareinindia.in/
8. ભીલ વિષયક વિસ્તૃત લેખ, ગુજરાતી વિશ્વકોશ, https://gujarativishwakosh.org/
9. "રાઠવા જનજાતિ નૃવંશશાસ્ત્રીય અભ્યાસ", Brill Reference Works, https://referenceworks.brill.com/
10. "રેવાબહેન તડવી" જીવનચરિત્ર અને યોગદાન, વિકિપીડિયા (ગુજરાતી), https://gu.wikipedia.org/
11. "લોક, લોકતત્વ અને લોકવિદ્યા" વિશ્લેષણ, ગુજરાતી વિશ્વકોશ, https://gujarativishwakosh.org/
12. "Motifs in Pithora Painting", Sahapedia, http://www.sahapedia.org/
13. "Rathwa Ni Gher Tribal Dance", Testbook Portal, https://testbook.com/
14. "Tribal Music Of Gujarat's Chhota Udepur: From One Season To Another", ETV Bharat, https://www.etvbharat.com/

**ચિત્ર પરિશિષ્ટ:**

